# વિશ્વ જમીન દિવસ

## ૫ ડિસેમ્બર ૨૦૧૭

## જમીન આરોગ્ય પત્રક (સોઈલ હેલ્થ કાર્ડ )
## અને તેનો અસરકારક ઉપયોગ

ભારતીય કૃષિ સંશોધન પરિષદ-
મગફળી સંશોધન નિદેશાલય
પો.બો.નંબર ૫ ,ઇવનગર રોડ, જુનાગઢ

भाकृअनुप ICAR
World Soil Day
SOIL HEALTH CARD Swasth Dhara, Khet Hara
डीजीआर DGR

Scanned with CamScanner

## વિશ્વ જમીન દિવસ, ૫ ડિસેમ્બર ૨૦૧૭

સંયુક્ત રાષ્ટ્ર સંઘ ની સામાન્ય સભાએ જુન ૨૦૧૩ થી ૫ ડીસેમ્બર ના દિવસ ને વિશ્વ જમીન દિવસ તરીકે ઉજવવાનું નક્કી કર્યું છે.

### જમીન નું મહત્વ

૧. જમીન છોડ ને પોષક તત્વો પુરા પડે છે

૨. વરસાદ ના પાણી નો સંગ્રહ કરી પાકને પાણી (ભેજ) પૂરું પડે છે

૩. આપણો ૯૫ % ખોરાક સીધી અથવા આડકતરી રીતે જમીન માંથીજ ઉત્પન્ન થાય છે.

૪. તે જૈવ વિવિધતા નું રક્ષણ કરે છે.

### જમીન ની તંદુરસ્તી /ફળદ્રુપતા કેવી રીતે જાળવી શકાય ?

૧.લીલો પડવાસ કરવાથી તથા સંપૂર્ણ કોહવાયેલું છાણીયું ખાતર આપવાથી

૨. જમીન ની અંદર તથા બહાર રહેલા ઉપયોગી જીવો ને ઉત્તેજન આપવાથી

૩. જૈવિક ખાતર ના વપરાશ થી

૪. પાક ના અવશેષ ને જમીનમાં જ સડવા દેવાથી તથા જરૂરિયાત મુજબ ઓછામાં ઓછી ખેડ કરવાથી

૫. રાસાયણિક ખાતરો તથા જંતુનાશક દવા નો ઉપયોગ ઘટાડવાથી

### જમીન આરોગ્ય પત્રક (સોઇલ હેલ્થ કાર્ડ )

ભારત સરકારે આ યોજના ની શરૂઆત ફેબ્રુઆરી ૨૦૧૫ થી કરી છે. ભારત સરકાર ના કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય દ્વારા કૃષિ અને સહકારિતા વિભાગ મારફત જુદા જુદા રાજ્યો ના ખેતીવાડી ખાતા દ્વારા આ યોજના ચલાવવામાં આવે છે. વર્ષ ૨૦૧૭ સુધી કુલ રૂ. ૫૬૮ કરોડ ના ખર્ચે ૧૪ કરોડ જેટલા જમીન આરોગ્ય પત્રક બનાવવાનો ભારત સરકાર નો લક્ષ્યાંક છે.

### જમીન આરોગ્ય પત્રક (સોઇલ હેલ્થ કાર્ડ ) શું છે ?

૧. જમીન આરોગ્ય પત્રક (સોઇલ હેલ્થ કાર્ડ ) એ એવું કાર્ડ છે જેના દ્વારા આપણી જમીન નું હાલ નું ફળદ્રુપતા નું સ્તર જાણી શકાય છે , જેમ કે જમીન માં રહેલ સેન્દ્રીય કાર્બન , જમીનનો અમ્લતા આંક (પી..એચ), વિદ્યુત વાહકતા (ક્ષાર નું પ્રમાણ), મુખ્ય પોષકતત્વો (નાઇટ્રોજન , ફોસ્ફરસ અને પોટાશ ), ગૌણ પોષકતત્વ (ગંધક) નું પ્રમાણ તથા સુક્ષ્મ પોષકતત્વો (લોહ ,જસત, બોરોન, મેંગેનીઝ અને તાંબુ )નું પ્રમાણ.

૨. આ કાર્ડ થી જમીન ની હાલની ફળદ્રુપતા ની સ્થિતિ મુજબ ની ભલામણ કરવામાં આવે છે . જમીન માં લભ્ય પોષક તત્વો ના પ્રમાણ પરથી પાક ને જરૂરી પોષક તત્વો પુરા પાડવાની જમીન ની ક્ષમતા નો અંદાજ આવે છે.આથી ક્યા પાક માં કેટલું ખાતર ક્યારે અને કેવી રીતે આપવું તેની સચોટ ગણતરી થઇ શકે છે. સોઇલ હેલ્થ કાર્ડ ના આધારે



Scanned with CamScanner

જમીન માં ક્યો પાક [illegible] પાક પધ્ધતિઓ વધુ ફાયદાકારક રહેશે તે જાણી શકાય છે. તદઉપરાંત ક્યાક્યા જમીન સુધારકો વાપરવા તેનું પણ માર્ગદર્શન મળે છે.

**<u>જમીન આરોગ્ય પત્રક (સોઈલ હેલ્થ કાર્ડ) ની સમજુતી</u>**

**<u>૧. પી.એચ. એટલે કે જમીન નો અમ્લતા આંક</u>**

અમ્લીય (એસિડીક): ૬.૫ થી નીચે

સામાન્ય: ૬.૫ થી ૮.૨

ભાસ્મિક (આલ્કલાઈન): ૮.૫ થી વધુ

**<u>૨.વિદ્યુત વાહકતા એટલે કે જમીન માં રહેલ ક્ષાર નું પ્રમાણ</u>** (મીલીમ્હોસ/સે.મી અથવા ડેસી.સાયમન /મીટર )

સામાન્ય : ૧ મીલીમ્હોસ/સે.મી. થી નીચે

નુકસાનકારક : ૧ થી ૩ મીલીમ્હોસ/સે.મી. સુધી

હાનીકારક: ૩ મીલીમ્હોસ/સે.મી થી ઉપર

૩. પોષક તત્વો નું પ્રમાણ

| તત્વ નું નામ | ઓછું | મધ્યમ | વધારે |
|---|---|---|---|
| સેન્ટ્રીય કાર્બન | ૦.૫ ટકા થી નીચે | ૦.૫ થી ૦.૭૫ ટકા | ૦.૭૫ ટકા થી વધુ |
| મુખ્ય પોષક તત્વ (કિલો પ્રતિ હેક્ટર) | | | |
| ૧. લભ્ય નાઈટ્રોજન | ૨૮૦ થી ઓછું | ૨૮૦ થી ૫૬૦ | ૫૬૦ થી વધુ |
| ૨.લભ્ય ફોસ્ફરસ | ૨૮ થી ઓછું | ૨૮ થી ૫૬ | ૫૬ થી વધુ |
| ૩. લભ્ય પોટાશ | ૧૧૦ થી ઓછુ | ૧૧૦-૨૮૦ | ૨૮૦ થી વધુ |
| ગૌણ પોષક તત્વ (મીલીગ્રામ પ્રતિ કિલોગ્રામ) | | | |
| ૧. લભ્ય ગંધક | ૧૦ થી ઓછું | ૧૦થી ૨૦ | ૨૦થી વધુ |
| સુક્ષ્મ પોષકતત્વો (મીલીગ્રામ પ્રતિ કિલોગ્રામ અથવા પી.પી.એમ.) | | | |
| લોહ | ૫ થી ઓછું | ૫ થી ૧૨ | ૧૨ થી વધુ |
| જસત | ૦.૬ થી ઓછું | ૦.૬ થી ૧.૨ | ૧.૨ થી વધુ |
| બોરોન | ૦.૨થી ઓછું | ૦.૨ થી ૦.૬ | ૦.૬ થી વધુ |
| મેંગેનીઝ | ૧.૩ થી ઓછું | ૧.૩ થી ૫.૦ | ૫.૦ થી વધુ |
| તાંબુ | ૦.૩ થી ઓછું | ૦.૩ થી ૦.૮ | ૦.૮થી વધુ |

Scanned with CamScanner

## ટેબલ: જુદા જુદા પાકો માટે જમીન ચકાસણી મુજબ રાસાયણિક ખાતરોની ભલામણ (તત્વ ના રુપમાં)

| અ.નં | પાકનું નામ | નાઈટ્રોજન (કિલો પ્રતિ હેક્ટર) સેન્ટ્રીય કાર્બન નું પ્રમાણ | | | | | | | ફોસ્ફરસ (કિલો પ્રતિ હેક્ટર) | | | | | પોટાશ (કિલો પ્રતિ હેક્ટર) | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ઘણું જ ઓછું | ઓછું | | મધ્યમ | વધારે | | ઘણુંજ વધારે | ઘણું જ ઓછું | ઓછું | મધ્યમ | વધારે | ઘણું જ વધારે | ઘણું જ ઓછું | ઓછું | મધ્યમ | વધારે | ઘણું જ વધારે |
| | | ૦.૦-૦.૨૫ | ૦.૨૬-૦.૪૦ | ૦.૪૧-૦.૫૦ | ૦.૫૧-૦.૭૫ | ૦.૭૬-૧.૦૦ | ૧.૦૧-૧.૨૫ | ૧.૨૫ થી વધુ | ૦.૦-૧૦.૦ | ૧૦.૧-૨૬.૦ | ૨૬.૧-૬૦.૦ | ૬૦.૧-૧૦૦ | ૧૦૦ થી વધુ | ૦-૭૫ | ૭૬-૧૫૦ | ૧૫૧-૩૦૦ | ૩૦૧-૪૫૦ | ૪૫૦ થી વધુ |
| ૧ | ઉનાળુ મગફળી | ૩૦ | ૩૦ | ૨૫ | ૨૫ | ૨૦ | ૧૦ | ૫ | ૬૫ | ૫૫ | ૫૦ | ૩૫ | ૨૫ | ૬૦ | ૫૫ | ૫૦ | ૪૫ | ૪૫ |
| ૨ | ચોમાસું મગફળી | ૨૦ | ૧૫ | ૧૫ | ૧૨.૫ | ૧૦ | ૫ | - | ૩૦ | ૨૫ | ૨૫ | ૨૦ | ૧૦ | ૬૦ | ૫૫ | ૫૦ | ૪૫ | ૪૫ |
| ૩ | તલ | ૩૦ | ૩૦ | ૨૫ | ૨૫ | ૨૦ | ૧૦ | ૫ | ૩૦ | ૨૫ | ૨૫ | ૨૦ | ૧૦ | - | - | - | - | - |
| ૪ | દિવેલા (બિન પિયત) | ૫૦ | ૪૫ | ૪૫ | ૪૦ | ૩૦ | ૨૦ | ૧૦ | ૫૦ | ૪૫ | ૪૦ | ૩૦ | ૨૦ | - | - | - | - | - |
| ૫ | બી.ટી.કપાસ | ૨૦૦ | ૧૭૦ | ૧૭૦ | ૧૬૦ | ૧૨૦ | ૮૦ | ૪૦ | ૭૦ | ૬૦ | ૫૦ | ૪૫ | ૪૦ | ૧૫૦ | ૧૩૦ | ૧૨૦ | ૧૧૦ | ૧૦૦ |
| ૬ | ઘઉં(પિયત) | ૧૫૦ | ૧૪૦ | ૧૩૦ | ૧૨૦ | ૯૦ | ૬૦ | ૩૦ | ૭૫ | ૬૫ | ૬૦ | ૪૫ | ૩૦ | ૧૦૦ | ૮૦ | ૬૦ | ૫૦ | ૪૦ |
| ૭ | ચણા | ૨૫ | ૨૫ | ૨૦ | ૨૦ | ૧૫ | ૧૦ | ૫ | ૫૦ | ૪૫ | ૪૦ | ૩૦ | ૨૦ | - | - | - | - | - |
| ૮ | ડુંગળી | ૯૦ | ૮૫ | ૮૦ | ૭૫ | ૫૫ | ૩૫ | ૨૦ | ૭૫ | ૬૫ | ૬૦ | ૪૫ | ૩૦ | ૬૫ | ૫૫ | ૫૦ | ૩૫ | ૨૫ |
| ૯ | રીંગણ | ૧૨૦ | ૧૨૦ | ૧૧૦ | ૧૦૦ | ૭૫ | ૫૦ | ૨૫ | ૬૫ | ૫૫ | ૫૦ | ૩૫ | ૨૫ | ૬૫ | ૫૫ | ૫૦ | ૩૫ | ૨૫ |
| ૧૦ | તુવેર | ૩૦ | ૩૦ | ૨૫ | ૨૫ | ૨૦ | ૧૦ | ૫ | ૬૫ | ૫૫ | ૫૦ | ૩૫ | ૨૫ | - | - | - | - | - |

સૌજન્ય : કૃષિ રસાયણશાસ્ત્ર અને જમીન વિજ્ઞાન વિભાગ, જુનાગઢ કૃષિ યુનિવર્સીટી, જુનાગઢ

Scanned with CamScanner